# “રોનકની બદલાઇ રોનક ” કુપોષિત બાળકને સંકલિત સઘન પ્રયાસોથી કુપોષણ મુકત બનાવાયુ.

મધ્યપ્રદેશના જાંબુઆ તેમજ ગુજરાતના પૂર્વ પટ્ટીના **આદિવાસીઓ ખેત મજુરી માટે સ્થળાંતરિત** થઇ શિનોર તાલુકાના ગામોમાં ખેત મજુરી માટે આવતા આદિવાસી પરિવારો પૈકીનું મોટાફોફળીયા ગામે ઝૂંપડાઓમાં અસ્થાયી રીતે નિવાસ કરી ખેત મજુરી કરતું પતિ અને તેના **છ સંતાનો સાથે ગોમતી નાયકાનું પરિવાર**, ન કુટુંબ નિયોજન માટેની કોઇ સમજ, ન છ-છ બાળકોની યોગ્ય ઉછેરની સમજ, પોતાના મોટા બાળકોના સહારે મૂકી ખેતરોમાં ખેતમજુરી કરી ગુજરાન ચલાવે. આ છ બાળકો પૈકીનું અનિચ્છાએ પરિવારમાં આવેલુ સૌથી નાનું બાળક નામ રોનકની કોઇ સામાન્ય કે વિશેષ કાળજી લેતુ નહતું, કપડા પણ પહેરવા ન મળે, નાગુપુંગુ માટીમાં રમે, પૂરતુ પોષણ યુકત ખાવાનું પણ ન મળે.

આશા કાર્યકર તેમજ આંગણવાડી કાર્યકરો દ્વારા મોટા ફોફળીયા ગામમાં રહેતા હોય તેવા તમામ પાંચ વરસથી નીચેના બાળકોનું સમયાંતરે વજન કરવામાં આવતા ખૂબ ઓછુ વજન અને વિશેષ આરોગ્ય વિષયક **પોષણયુકત ખોરાકની જરૂરિયાતમંદ ૧૮ માસના ૩ કિલો વજન** ધરાવતાં રોનકને તેની મા ગોમતી હોસ્પિટલ કે આંગણવાડીમાં લઇ જવા તૈયાર ન થતાં, જેના ત્યાં મજૂરીએ જતી ખેડૂતની સમજાવટથી હોસ્પિટલમાં લઇ અવ્યા. હોસ્પિટલમાં રોનકનો કેસ પેપર કઢાવી ગોમતીને વેઇટીંગમાં બેસાડી ખેડૂત પોતાના બીજા કામ માટે જતા રહ્યા.

ગોમતી હોસ્પિટલ જોઇ ગભરાવા લાગી અને પોતાના દિકરા રોનકને લઇને હોસ્પિટલ છોડી જતી હતી ત્યાં હોસ્પિટલમાં **કુપોષિત બાળકો માટેના કાર્યક્રમનું સંચાલન** કરતાં સંસ્થાના ટ્રસ્ટી **મેઘનાબેન પટેલ** ગંદા ગોબરા માયકાંગલા આ અતિ કુપોષિત રોનકને જોઇ દ્રવી ઉઠયા. દારૂની વ્યસની ગોમતી, તેના દારૂના રવાડે ચઢેલા પતિ તથા તેના અન્ય બાળકો વિગેરેની માહિતી મેળવી, ખૂબ મથામણ પછી માંડ માંડ સમજાવી હોસ્પિટલ છોડીને જતી ગોમતીને અને તેના બાળક રોનકને હોસ્પિટલમાં બાળરોગનિષ્ણાંત ડોકટર્સને બતાવી **બાળ પોષણ કેન્દ્રમાં** દાખલ કરાવી જરૂરી સારવાર અને પોષણયુકત સારવારની વ્યવસ્થા કરાવી.

ગોમતી અને તેનો પતિ બન્ને દિવસના ખેત મજૂરીએ પોતાના બધા બાળકોને હોસ્પિટલમાં દાખલ થયેલા રોનક સાથે છોડી જતા રહેતા અને સાંજના મજૂરીએથી ગોમતી અને તેનો પતિ બન્ને દારૂના નશામાં આવી હોસ્પિટલ તરફથી આપવામાં આવતું ભોજન લઇ આ દંપતિ હોસ્પિટલમાં રહેતુ. બાળપોષણ કેન્દ્રના સ્ટાફ દ્વારા તેની કાળજી લેવાની શરૂઆત થઇ ગઇ હતી. રોનકના વજનમાં પણ ધીમે ધીમે સુધારો જોવા મળ્યો તેને પહેરવા માટે કપડા પણ સંસ્થા તરફથી આપવામાં આવ્યા. ચહેરા પર પણ તેજ આવવા લાગ્યુ હતુ. પણ હજુ તબીબની સલાહ મુજબ તે બરાબર સ્વસ્થ થયેલ નહતો.

**હોસ્પિટલના બંધિયાર વાતાવરણ** તેમજ **સંસ્થાના સામાજીક સુધારણા અભિગમ** અનુકુળ ન આવતાં એક દિવસ રાત્રીના સમયે ગોમતી અને તેનો પતિ બાળકોને અને રોનક ને લઇ ઓચિંતા પોતાના પડાવ પર જતા રહ્યા. રાત્રીના બારેક વાગે સંસ્થાના અશોકભાઇએ હોસ્પિટલમાં રાઉન્ડના સમયે રોનકને ન જોતાં જે ખેડૂતના ત્યાં ખેત મજુરી કરતી હતી તે ખેડૂતનો સંપર્ક કરી રાત્રીના જ જયાં અસ્યાયી ઝૂંપડું બાંધી રહેતા હતા ત્યાં સ્ટાફમિત્રો સાથે પહોંચી જતાં ગોમતી અને તેનો પતિ તેમજ બાળકો ખૂલ્લામાં નિશ્ચિંત પણે સૂતા હતા. માંડ માંડ સમજાવી વળી પાછા હોસ્પિટલ લઇ આવ્યા અને **લગભગ ૪૫ દિવસ** સુધીની **સંસ્થાના કાર્યકરો, તબીબો અને ટ્રસ્ટીઓ**ના સહયોગથી રોનકનું સ્વાસ્થ્ય ખૂબ સારૂ થયું, વજન વધ્યું અને બાળકો માટેની ટ્રાયસીકલ હોસ્પિટલના પ્રાંગણમાં ફેરવતો થઇ ગયો હતો. તેના મોં પર રોનક આવી ગઇ હતી હોસ્પિટલના સ્ટાફ કહેવા લાગ્યો “આપણા સૌના સહિયારા સંકલિત પ્રયાસોથી રોનકની રોનક બદલાઇ”.

**કુપોષણથી મુકત** કરવા માટે **તબીબી પ્રયત્નો**ની સાથે સાથે તેના **સામાજીક** અને **કૌટુબિક પરિબળો**ને સમજી તે દિશામાં પણ **વ્યવહારિક** અને **વૈજ્ઞાનિક અભિગમ** સાથેના **સંકલિત પ્રયાસો** કરતા કરતા રોનકની રોનક લાવવામાં સફળતા મળી.

**આઠ વરસના આશિષનું મોતીયાના સફળ ઓપરેશનમાં નેત્ર મણી આરોપણ કરી  દૃષ્ટિ પ્રદાણ થતા તેના જીવનમાં આશા જગાવી.**

મોટા ફોફળીયાના વાળંદ પરિવારના **આઠ** વર્ષના દિકરા **આશિષ**ને ઝાંખી દૃષ્ટિ  હોવાથી તે જોઇ સ્પષ્ટ જોઇ શકતો ન હતો. અને શાળા અભ્યાસમાં પણ પૂરતુ ધ્યાન આપી શકતો ન હતો.  તેના પિતા ભરતભાઇ નાઇ પોતાના કુટુંબના ભરણ પોષણ અર્થે એક ભેંસ રાખે અને અવારનવાર આ ભેંસ માટે ચારણનું કચરું સંસ્થાની જમીનમાંથી કાપીને લઇ જતાં, અચાનક એક દિવસે સંસ્થાના **ટ્રસ્ટ સેક્રેટરીશ્રી જીતેન્દ્રભાઇ** પટેલને આશિષની તકલીફ વિશે વાત કરતાં તેઓશ્રીએ આશિષને હોસ્પિટલમાં બોલાવી આંખ વિભાગના નેત્ર સર્જન પાસે તપાસ કરાવી, સામાન્ય રીતે વૃધ્ધોમાં જોવા મળતો **મોતીયો  આઠ વર્ષના ગરીબ બાળકની આંખો**માં હોવાનું નિદાન  થયું.

આર્થિક સંકળામણ અનુભવતા ભરતભાઇ નાઇને ફાળ પડી. સારા નેત્રમણીથી ઓપરેશન કરવામાં આવે તો આ બાળકને વધુ વર્ષો સુધી સારી દૃષ્ટિ મળી શકે તેમ હતું પણ માતા પિતાની આર્થિક સ્થિતી આ કાર્યમાં અવરોધ બનતા સંસ્થાના ટ્રસ્ટ સેક્રેટરીશ્રી જીતેન્દ્રભાઇ પટેલે સંસ્થામાં નિદાન કરનાર નેત્રસર્જન સાથે આશિષની આંખોમાં મોતીયાના ઓપરેશનમાં કઇ પધ્ધતિ અને કેવા પ્રકારના નેત્રમણી આરોપણ અંગેના પરામર્શ બાદ વધુ વરસો સુધી આ બાળકને દૃષ્ટિ પ્રદાન થાય તે માટે **વિનામૂલ્યે ફેકો સર્જરી દ્વારા ઉચ્ચ ગુણવત્તા ધરાવતો કિંમતી નેત્રમણી** આરોપણ કરવાનું નકકી કરવામાં આવ્યુ. અને આઠ વર્ષના આશિષની આંખોમાં ઓપરેશ દ્વારા મોતીયાને દૂર કરી નેત્રમણી મૂકવામાં ।અવતા તેને દૃષ્ટિ પ્રાપ્ત થઇ.

સંસ્થાની મદદથી આઠ વર્ષના આશિષને  **દૃષ્ટિ પ્રદાણ થતા**  આશિષ અને તેના પરિવારના આનંદનો કોઇ પાર રહ્યો નહી. આશિષના **જીવનમાં આશા જગાવવા બદલ** સંસ્થા પરિવારના સહુ સભ્યોમાં સંતોષ જોવા મળ્યો હતા.

**વિકટ સંજોગોમાં સગર્ભા માતાને સલામત રીતે હોસ્પિટલ પહોંચાડી પ્રસૂતી કરાવડાવી માતા બાળકને બચાવી લીધા.**

**વર્ષ ૨૦૧૩**ના સપ્ટેમ્બર માસમાં શિનોર પંથકમાં સતત ત્રણ દિવસથી **અનરાધાર વરસાદ વરસી** રહ્યો હતો. ઠેર ઠેર નદી નાળા છલકાઇ ગયા હતા. મોટા ફોફળીયા હોસ્પિટલ આવવાના તમામ રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. ઇમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને પણ ઉપલી કક્ષાએથી ઓફ રોડ કરી દેવામાં આવી હતી સમગ્ર પંથકમાં જીવન અસ્તવ્યસ્ત થઇ ગયું હતુ. આવી વિકટ પરિસ્થિતીમાં શિનોર તાલુકાના **બરકાલ** ગામે એક સગર્ભા માતા વસાવા રશ્મિકાબેનને પ્રસુતીની પીડા થઇ. આ સગર્ભા માતાના પરિવારના સભ્યએ બરકાલ ગામની આશા કાર્યકર્તા રાગિણીબેનને બોલાવ્યા. તેઓએ ઇમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવામાં ફોન કર્યો ત્યાંથી તેઓનેરસ્તાઓ પર પાણી ફરી વળેલ સેવા પ્રાપ્ત થશે નહીનો સંદેશો મળ્યો.

આશા કાર્યકર રાગિણીબેન મૂંઝાયા હવે શું કરવુ પ્રસુતિની વેદના સગર્ભા માતા માટે અસહ્ય બની રહી હતી. ત્યાં બરકાલ ગામથી એક ખાનગી જીપ સેગવા ચોકડી તરફ જતી હતી તેમાં આ પ્રસુતી વેદના સહન કરતી માતાને મોટા ફોફળીયા દવાખાને પહોંચાડવા વિનંતી કરી, ખાનગી જીપ ચાલક મોટા ફોફળીયા દવાખાને પહોંચાડવા તૈયાર થયો અને મોટા ફોફળીયા દવાખાને લઇ આવવા નીકળ્યા તો ખરા પણ ડભોઇ શિનોર રોડ પર સીમળી અને મોટાફોફળીયા ગામની વચ્ચે માર્ગ પર વરસાદી પાણી ફરી વળતા આ માર્ગ પરનો વાહન વ્યયહાર ખોરવાઇ ગયો હતો. જીપ ચાલકને પણ ઉતાવળ હતી. રાગિણી બેને કહ્યુ હવે મોટા ફોફળીયા હોસ્પિટલ પર ન જવાય તો સીમળી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મૂકી જવા વિનંતી કરી ખાનગી જીપ ચાલકે આ સગર્ભા માતા અને આશા કાર્યકર્તાને સીમળી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર છોડી જતો રહ્યો.

વરસાદ વધુ હોઇ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સીમળી પર પણ કોઇ સ્ટાફ પહોંચી શકયુ ન હતું. રાગીણીબેન હવે ખરેખર મૂંઝાયા અને સીમળી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોકટર સાથે ટેલીફોન પર વાત કરી અને સીમળીના મેડીકલ ઓફીસરે તરત મોટાફોફળીયા હોસ્પિટલનો સંપર્ક કરી સગર્ભામાતાની પ્રસૂતિ વેદનાની હકિકતથી વાકેફ કર્યા એટલે રસ્તો કાઢવામાં આવ્યો કે જયા માર્ગ પર પાણી ભરાયેલ ત્યાં સુધી સામે સીમળી તરફ આ પ્રસૂતા માતાને લઇ આવે અને મોટાફોફળીયા તરફથી એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવશે.

સીમળી તરફથી આવવા માટે સ્થાનિક વરસાદના માહોલનું કવરેજ કરવા પોતાની ફોર વ્હીલ ગાડી લઇને નિકળેલા સ્થાનિક રીપોર્ટરને ફોન કરી સગર્ભામાતાને સીમળીથી મોટા ફોફળીયા દવાખાને પહોંચાડવા વિનંતી કરતા તેઓએ સીમળી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર પહોંચી માતાને ગાડીમાં બેસાડી પાણી ભરાયેલા સ્થળે લઇ આવ્યા.

સામે છેડે એમ્બ્યુલન્સ અને સ્ટાફ નર્સ તેમજ વોર્ડ બોર્ડ સહિતનો કર્મચારીગણ પહોંચી ગયો, પાણી ખૂબ, રસ્તો બંધ, માર્ગ પર પડી ગયેલ ઝાડ હટાવવા દોરડુ નાખવામાં આવ્યું અને પડી ગયેલા ઝાડને એકત્ર થયેલા મોટા ફોફળીયાના ગ્રામજનોના સહકકારથી કાપી રસ્તા પરથી હટાવાયુ. એમ્બ્યુલન્સ ડ્રાઇવર, વોર્ડબોય સ્ટ્રેચર લઇ દોરડુ પકડતા પકડતા સામે છેડે પ્રસૂતામાતા પાસે પહોંચી ગયા અને તેને સ્ટ્રેચરમાં સુવાડી સ્ટ્રેચર ઉચકી એબ્બ્યુલન્સ પાસે લાવી તેમાં સુવાડી તરતજ મોટા ફોફળીયા હોસ્પિટલ પર લઇ આવ્યા. હાજર સ્ત્રીરોગ નિષ્ણાત તબીબે ચેકઅપ કરી લેબર રૂમમાં લઇ ગયા ત્યાં જ થોડી વારમાં આ માતાએ દિકરાનો જન્મ આપ્યો. આમ આવા **વિકટ સંજોગોમાં સગર્ભા માતાને સલામત રીતે હોસ્પિટલ પહોંચાડી પ્રસૂતી કરાવડાવી માતા બાળકને બચાવી લીધા.**